# રાજ્યની કુલ 70 બેઠક ઉપર ભાજપ બિનહરીફ જાહેર

**ભાજપના** ઉમેદવાર સામે કોંગ્રેસ, આપ કે અપક્ષ ઉમેદવારે ફોર્મ જ ભર્યું નથી

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ પૂર્ણ થતા હવે રસાકસીભર્યો જંગ જામ્યો છે. રાજ્ય ચૂંટણી આયોગ (SEC) ના જણાવ્યા અનુસાર, કુલ 9,992 બેઠકો માટે 32,748 ફોર્મ ભરાયા છે. જોકે, ફોર્મની ચકાસણી બાદ આ આંકડામાં ફેરફાર થઈ શકે છે.ચૂંટણીના પ્રારંભિક ચિત્રમાં જ ભાજપનો દબદબો જોવા મળી રહ્યો છે. રાજ્યભરની વિવિધ સ્થાનિક સંસ્થાઓની અંદાજે 70 બેઠકો એવી છે જ્યાં ભાજપના ઉમેદવાર સામે કોંગ્રેસ, આપ કે અન્ય કોઈ અપક્ષ ઉમેદવારે ફોર્મ જ ભર્યું નથી. આ બેઠકો પર ભાજપની બિનહરીફ જીત નિશ્ચિત માનવામાં આવે છે, જેનું સત્તાવાર ચિત્ર 15 એપ્રિલે ફોર્મ ખેંચવાની સમય મર્યાદા બાદ સ્પષ્ટ થશે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના રણશિંગા ફૂંકાતાની સાથે જ ભારતીય જનતા પાર્ટીએ આક્રમક શરૂઆત કરી છે અને મતદાન થાય તે પહેલા જ રાજ્યભરમાં 47થી વધુ બેઠકો પર કેસરીયો લહેરાવી દીધો છે. ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે જ 25 બેઠકો બિનહરીફ થયા બાદ આ આંકડો 47 સુધી પહોંચ્યો છે, જે વિરોધ પક્ષો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી માટે ઉમેદવારોની અછત અને સંગઠનાત્મક નબળાઈના સંકેત આપે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં નવસારી જિલ્લા અને તાલુકા પંચાયતની કુલ 9 બેઠકો, વલસાડની 5 અને તાપીમાં 4 બેઠકો પર ભાજપના ઉમેદવારો સામે કોઈ હરીફ ન રહેતા પક્ષમાં ઉત્સાહનો માહોલ છે. મહેસાણામાં કડી નગરપાલિકાની 36માંથી 22 બેઠકો બિનહરીફ જીતીને ભાજપે સત્તા કબજે કરી લીધી છે, જ્યારે ખેડા જિલ્લામાં ઠાસરા અને મહેમદાવાદમાં કુલ 11 બેઠકો પર વિજય પ્રાપ્ત કર્યો છે. કચ્છના નખત્રાણાના વોર્ડ નં. 4 અને 5, પાટણના શંખેશ્વરની ટુવડ બેઠક તેમજ બનાસકાંઠાની કાંકરેજમાં પણ ભાજપે જીત નોંધાવી છે. નોંધનીય છે કે વ્યારા નગરપાલિકાના વોર્ડ નંબર 5માં તો આખી પેનલ જ બિનહરીફ જાહેર થઈ છે.

વિપક્ષોમાં ઉમેદવારોનો દુકાળ અને આંતરિક ખેંચતાણ વચ્ચે ભાજપે નવસારીના બીગરી, દેવસર અને ધેજ જેવી બેઠકો પર કબજો જમાવીને ચૂંટણી પહેલા જ રાજકિય પ્રતિસ્પર્ધી પર સરસાઈ મેળવી લીધી છે.

# ઉધના માલદા વચ્ચે સ્પેશિયલ એસી ટ્રેન દોડાવવામાં આવશે

**આગામી** દિવસોમાં ઉનાળુ વેકેશન હોવાના કારણે પશ્ચિમ રેલવે દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો

સુરતઃ ઉનાળાના વેકેશનમાં મુસાફરોની વધતી જતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ઉધના રેલવે સ્ટેશનથી માલદા ટાઉન વચ્ચે સ્પેશિયલ એસી ટ્રેન દોડાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુસાફરોની સુવિધા અને ટિકિટોના વેટિંગ લિસ્ટને હળવું કરવા માટે રેલવે વહીવટીતંત્ર દ્વારા ખાસ ભાડા સાથેની આ વીકલી સ્પેશિયલ ટ્રેનની 4 ટ્રિપ્સ ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર 09063 ઉધના - માલદા ટાઉન વીકલી એસી સ્પેશિયલ આગામી 15 અને 22 એપ્રિલના રોજ દર બુધવારે રાત્રે 20:15 કલાકે ઉધનાથી ઉપડશે અને શુક્રવારે સવારે 11:30 કલાકે માલદા ટાઉન પહોંચશે. વળતી દિશામાં, ટ્રેન નંબર 09064 માલદા ટાઉન - ઉધના સ્પેશિયલ 17 અને 24 એપ્રિલના રોજ દર શુક્રવારે સાંજે 17:35 કલાકે માલદા ટાઉનથી ઉપડશે અને રવિવારે સવારે 10:00 કલાકે ઉધના પરત ફરશે.આ ટ્રેન તેના રૂટ દરમિયાન ચલથાણ, વ્યારા, નંદુરબાર, ભુસાવલ, ઈટારસી, જબલપુર, પ્રયાગરાજ છિઓકી, પંડિત દીન દયાલ ઉપાધ્યાય, પટના, જમાલપુર અને ભાગલપુર સહિતના મુખ્ય સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં માત્ર 3-ટાયર એસી કોચની સુવિધા ઉપલબ્ધ રહેશે.મુસાફરો માટે ટ્રેન નંબર 09063 નું બુકિંગ 12 એપ્રિલ, 2026 થી તમામ PRS કાઉન્ટરો અને IRCTCની વેબસાઈટ પર શરૂ કરી દેવામાં આવ્યું છે.

# ઓલપાડમાં ચૂંટણી કોઇ પણ હોય અધિકારી એક જ તલાટી

**સસ્પેન્શન** બાદ પણ ફરી એ જ સ્થળે પોસ્ટિંગ મળતા તંત્રની કામગીરી પર સવાલ

### ઓલપાડમાં ત્રિપુટીની ચર્ચાઓ તેજ

ઓલપાડ વિસ્તારમાં કેટલાક સ્થાનિક તત્વો સાથે તલાટી બારિયાની નજીકની સંકળાયેલાની ચર્ચાઓ ચાલી રહી છે. પંચાયત કામગીરી અને ખરીદી પ્રક્રિયામાં અનિયમિતતાઓ અંગે પણ આક્ષેપો ઉઠ્યા છે. સ્થાનિક સ્તરે માંગ ઉઠી રહી છે કે સંબંધિત દફતરોનાં રેકોર્ડની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે જેથી હકીકતો સામે આવી શકે અને વહીવટી વ્યવસ્થામાં વિશ્વાસ જળવાઈ રહે.

સુરતઃ સરકારી નોકરીમાં નિયમિત બદલી પ્રણાલી હોવા છતાં ઓલપાડ તાલુકામાં એક જ તલાટીની વારંવાર નિમણૂક થવાને કારણે વહીવટી તંત્રની પારદર્શિતા અને નિષ્પક્ષતા અંગે પ્રશ્નો ઊભા થયા છે. બળવંતસિંહ બારિયાની કારકિર્દી પર નજર કરીએ તો તેમણે નોકરીનો મોટો સમયગાળો ઓલપાડ વિસ્તારમાં જ વિતાવ્યો છે, જે સામાન્ય વહીવટી પ્રક્રિયાથી અલગ પરિસ્થિતિ દર્શાવે છે.

માહિતી મુજબ વર્ષ 2011માં ઓલપાડ ખાતે એડિશનલ તલાટી તરીકે તેમની નિમણૂક થઇ હતી. બાદમાં કામગીરીને લઈ બદલી કરવામાં આવી હોવા છતાં, તેઓ ફરી ઓલપાડ સાથે સંકળાયેલા રહ્યા. વર્ષ 2015માં તાલુકા પંચાયતની ચૂંટણી દરમિયાન મતદાર યાદી સંબંધિત ગોટાળા મુદ્દે તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને અન્યત્ર બદલી પણ કરવામાં આવી હતી. તેમ છતાં, થોડા સમય પછી તેઓ ફરી સેવા પર પરત આવી અને વિવિધ સમયગાળામાં ઓલપાડ તથા આસપાસના ગામોમાં જ તેમની નિમણૂક થતી રહી. વર્ષ 2018, 2020 અને 2025 દરમિયાન ફરી ઓલપાડ સાથે જોડાયેલી પોસ્ટિંગ મળતા તંત્રની નીતિ અને બદલી પ્રક્રિયા અંગે ચર્ચાઓ તેજ બની છે. સ્થાનિક સ્તરે એવો મત વ્યક્ત થાય છે કે લાંબા સમય સુધી એક જ વિસ્તારમાં રહેવાથી તલાટી તરીકે તેમની પ્રભાવશક્તિ વધે છે, જે હાલ ચાલી રહેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણી પ્રક્રિયામાં અસરકારક બની શકે છે. વહીવટી દ્રષ્ટિએ આવા કેસોમાં પારદર્શિતા અને સમાનતા જળવાય તે જરૂરી હોવાનું નિષ્ણાતો માને છે.

# SVNITના 36 વિદ્યાર્થીની IIT બોમ્બેમાં સીધી એન્ટ્રી

**અર્લી** ઇન્ડક્શન પ્રોગ્રામથી પ્રવેશ પરીક્ષા વિના ઉચ્ચ અભ્યાસનો માર્ગ ખુલ્યો

સુરતઃ સુરતના ઈચ્છાનાથ સ્થિત SVNIT ના 36 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસની દિશામાં મહત્વપૂર્ણ તક સર્જાઈ છે. આ વિદ્યાર્થીઓની પસંદગી દેશની પ્રતિષ્ઠિત IIT Bombay દ્વારા શરૂ કરાયેલા 'અર્લી ઈન્ડક્શન પ્રોગ્રામ' માટે કરવામાં આવી છે.

આ યોજના અંતર્ગત પસંદ થયેલા વિદ્યાર્થીઓને બી.ટેક પૂર્ણ થયા બાદ કોઈપણ પ્રવેશ પરીક્ષા આપ્યા વિના સીધો એમ.ટેકમાં પ્રવેશ મળશે. ખાસ વાત એ છે કે સામાન્ય રીતે એમ.ટેક માટે જરૂરી ગણાતી Graduate Aptitude Test in Engineering (GATE) જેવી સ્પર્ધાત્મક પરીક્ષા આપવાની ફરજ રહેશે નહીં. આ પ્રોગ્રામનો મુખ્ય હેતુ શૈક્ષણિક રીતે મજબૂત અને સંશોધનક્ષમ વિદ્યાર્થીઓને વહેલી તકે રિસર્ચ અને ઈનોવેશન સાથે જોડવાનો છે. પસંદ થયેલા વિદ્યાર્થીઓને તેમના બી.ટેકના અંતિમ વર્ષ માટે IIT Bombayમાં ટ્રાન્સફર કરવામાં આવશે, જ્યાં તેઓ આધુનિક લેબોરેટરી, આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રોફેસર્સ અને અદ્યતન સંશોધન માહોલનો સીધો લાભ લઈ શકશે.

# સિવિલમાં આજથી અમરનાથ યાત્રા માટે મેડિકલ સર્ટિ. મળશે

**કેસબારી,** તબીબો, લેબોરેટરી રૂમ તથા ઇ.સી.જી. ની અલાયદી વ્યવસ્થા અને એક છત નીચે તમામ સુવિધા



સુરતઃ પવિત્ર અમરનાથ યાત્રા જવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ માટે જરૂરી હેલ્થ સર્ટિફિકેટ માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે આજથી એટલે કે સોમવારથી જૂની મેડિકલ કોલેજ બિલ્ડિંગની સામે મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ આપવાની કામગીરી કરવામાં આવશે. જે કામગીરી હોસ્પિટલ કામકાજનાં ચાલુ દિવસોમાં સવારે 9:30થી બપોરે 1.30 વાગ્યા દરમિયાન થશે. યાત્રીઓને અગવડતા ન રહે તે હેતુથી કેસબારી, તબીબો, લેબોરેટરી રૂમ તથા ઈ.સી.જી.ની અલાયદી વ્યવસ્થા અને એક છત નીચે તમામ સુવિધા ઊભી કરવામાં આવી છે. અમરનાથજી યાત્રાએ જનારા યાત્રાળુએ ચાર પાસપોર્ટ સાઈઝ ફોટા, આઈ.ડી. પ્રૂફ (આધાર કાર્ડ, વોટિંગ કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, પાન કાર્ડ પૈકી કોઈપણ એક) અસલ તથા ઝેરોક્ષ નકલ તેમજ કમ્પલસરી હેલ્થ સર્ટિફિકેટ ફોર્મ સાથે રૂબરૂમાં આવવાનું રહેશે.

સરકારના પ્રવર્તમાન પરિપત્ર/ગાઈડલાઈન અનુસાર ૧૩ વર્ષથી નીચેના અને ૭૦ વર્ષ ઉપરનાં વ્યક્તિઓ, ત્રણ અઠવાડિયા કે તેથી ગર્ભવતી મહિલાઓ, હૃદયની બાયપાસ સર્જરી અને સ્ટેન્ટ મુકવામાં આવેલા હોય તેવા વ્યક્તિઓને મેડિકલ સર્ટિફિકેટ ઈસ્યુ કરવામાં આવશે નહીં તેમ વહિવટી તંત્રની યાદીમાં જણાવાયું છે. આ કેમ્પનું આયોજન સ્મીમેર હોસ્પિટલમાં પણ કરવામાં આવ્યું છે.

## ભેસ્તાનમાં માલગાડીની અડફેટે યુવકનું માથું ધડથી અલગ થઈ ગયું

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ડિંડોલી નવાગામમાં આવેલા ગણપતિ ધામ સોસાયટી વિભાગ-૨માં રહેતા ૪૩ વર્ષીય પ્રમોદસિંહ બિક્ષસિંહ કુર્વી લુમ્સ ખાતામાં કામ કરી પત્ની અને એક પુત્રીનું ભરણપોષણ કરતા હતા. કાલે રાત્રે પ્રમોદસિંહ નાઈટ પાળીમાં નોકરીએ જવા નીકળ્યા હતા. દરમિયાન ભેસ્તાન-ઉન ડાઉન રેલવે પટરી પરથી પસાર થતી વખતે માલગાડી અડફેટે તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં પ્રમોદસિંહની ગરદન ધડથી અલગ થઈ ગઈ હતી અને એક એક હાથ-પગ કપાઈ ગયા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં પ્રમોદસિંહ નશાની હાલતમાં માલગાડીની અડફેટે આવ્યો હોવાનું બહાર આવ્યું હતું.

# TATમાં 4,232 ઉમેદવારો ગેરહાજર રહ્યા

**36,431** હાજર ઉમેદવારોમાં સૌથી વધુ ગુજરાતી માધ્યમના

સુરતઃ શહેરમાં 12 એપ્રિલે યોજાયેલી TAT (HS) પરીક્ષા શાંતિપૂર્ણ અને સુચારૂ માહોલમાં પૂર્ણ થઈ હતી. કુલ 40,663 નોંધાયેલા ઉમેદવારોમાંથી 36,431 પરીક્ષાર્થી હાજર રહ્યા હતા, જ્યારે 4,232 ઉમેદવારો ગેરહાજર રહ્યા હોવાનું સત્તાવાર આંકડાઓમાં સામે આવ્યું છે.

પરીક્ષાનું આયોજન શહેરના 257 કેન્દ્રો અને કુલ 2054 બ્લોકમાં કરવામાં આવ્યું હતું. સમગ્ર વ્યવસ્થાને ચાર ઝોનમાં વહેંચી સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું, જેથી પરીક્ષા દરમિયાન કોઈ પ્રકારની અવ્યવસ્થા સર્જાઈ ન હતી. ઝોનલ વ્યવસ્થામાં નાનપુરા સ્થિત T|TV ખાતે ઝોન-1 અને ઝોન-4નું નિયંત્રણ રાખવામાં આવ્યું હતું, જ્યારે કતારગામના ગુરુકુળ કુમાર કાંસાનગર ખાતે ઝોન-2 અને ઝોન-3 માટેની વ્યવસ્થા ગોઠવાઈ હતી.

પ્રશાસને ટ્રાફિક, સુરક્ષા અને માર્ગદર્શન માટે પૂરતી વ્યવસ્થા ઉભી રાખતાં પરીક્ષાર્થીઓને કેન્દ્ર સુધી પહોંચવામાં સહુલિયત રહી હતી. ગુજરાતી માધ્યમના ઉમેદવારોની સંખ્યા સૌથી વધુ હોવાથી આયોજનમાં ખાસ ધ્યાન અપાયું હતું. કુલ મળીને પરીક્ષા દરમિયાન કોઈ મોટા વિઘ્ન વગર પ્રક્રિયા પૂર્ણ થતાં પ્રશાસને રાહતનો શ્વાસ લીધો.

# રામપુરા મેઈન રોડ ઉપર આવેલી બંધ દુકાનમાં આગ ભડકી ઉઠી

**દુકાનમાં** પીવીસી મટીરિયલ અને રબરનો સ્ટોક હોવાથી આગ ઝડપથી ફેલાઈ



સુરત : રામપુરા મેઈન રોડ ખાતે રવિવારે બપોરના સમયે એક બંધ દુકાનમાં આગ લાગવાને કારણે ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. તેને કારણે દુકાનમાં રાખેલો પીવીસી કાપડનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. પ્રાપ્ત જાણકારી મુજબ આજે બપોરે 2:10 કલાકે રામપુરા સ્થિત ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલી દુકાન નં-6-2579માં અચાનક આગ લાગી ગઈ હતી. રવિવારની રજા હોવાને કારણે દુકાન સંર્પુણ બંધ હતી. તેથી માલિક અને કોઈ પણ કારીગર આવ્યો ન હતો. દરમિયાન દુકાનમાં આગ લાગતા સ્થાનિકો દ્વારા ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવતા ઘાચી શેરી, મુગલીસરા અને કતારગામ ફાયર સ્ટેશનનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો. ફાયર સબ ઓફિસર મહેશ પટેલના જણાવ્યા મુજબ દુકાનમાં છત્રી બનાવવા માટેનો પીવીસી મટીરિયલનો અને રબરનો સ્ટોક રાખવામાં આવ્યો હતો. મટીરીયલ જ્વલનશીલ હોવાથી આગ જલ્દીથી પકડાઈ ગઈ હતી. જોકે સમયસર પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે ગણતરીની મીનિટોમાં જ આગ ઉપર કાબુ મેળવી લેતા આજુબાજુની દુકાનોમાં આગ વધુ ફેલાતા અટકી ગઈ હતી.

## ઉન ગામમાં ચોરીના ઈરાદે હત્યા કેસમાં આરોપીને શંકાનો લાભ મળ્યો

સુરતઃ ઉન ગામ, હળપતિવાસમાં ચોરી કરવા આવેલા આરોપી સામે હત્યા કેસમાં સરકાર પક્ષે ફરિયાદ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. તા. ૦૪/૦૪/૨૦૨૧ ના રોજ રાત્રે ઉન ગામ, હળપતિવાસમાં આરોપી ફીરોજખાન પઠાણ ચોરી કરવાના ઈરાદે આવી સુતેલા મો.સલીમ જુમ્મનઅલી સૈયદ ખિસ્સાની તપાસ કરતાં તેઓ અને સઈદ મુસ્તાક શાનાં જાગી ગયા હતા. તેઓએ આરોપીને ઠપકો આપતા આરોપી ઉન પાટિયા, પાણીની ટાંકીની સામે, ઉન ગામ, હળપતિવાસ પાછળ, ખુલ્લા ગ્રાઉન્ડમાં બાવળીયાના ઝાડ પાસે જતાં ત્યાં મરણ જનારના ખિસ્સા તપાસવા જતાં મરણ જનાર વિનોદ ઉર્ફે પીન્ટુ જગન્નાથએ ગાળો આપતા આરોપીએ પથ્થરો તથા સિમેન્ટ કોંક્રિટનો બ્લોકથી મારમારી વિનોદ ઉર્ફે પીન્ટુની હત્યા કરી હતી. આ બનાવની ફરિયાદ સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશને નોંધાઈ હતી. જે કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે આરોપીને પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

## સગીરાનું અપહરણ કરી 4 વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

સુરત ક્રાઇમ બ્રાંચની એન્ટી એક્સટોર્શન સ્ક્વોડે ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીદારોના નેટવર્કની મદદથી પુણા પોલીસ મથકના વર્ષ 2022ના અપહરણના ગુનામાં સંડોવાયેલા વોન્ટેડ આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. ક્રાઇમ બ્રાંચની ટીમ જ્યારે શહેર વિસ્તારમાં વોન્ટેડ આરોપીઓની શોધખોળમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે એન્ટી એક્સટોર્શન સ્ક્વોડના જવાનોને ચોક્કસ અને આધારભૂત બાતમી મળી હતી કે, પુણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સગીરાના અપહરણના ગુનાનો આરોપી ગોવિંદ યાદવ હાલ પુણાગામની ગુરુકૃપા સોસાયટી પાસે અવરજવર કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક વોચ ગોઠવી આરોપી ગોવિંદકુમાર શિશુપાલ યાદવ (ઉંમર વર્ષ 20, રહે. વલ્લભનગર, પુણાગામ, મૂળ ઉત્તર પ્રદેશ) ને કોર્ડન કરી ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલા આરોપી ગોવિંદ યાદવનો કબજો તપાસ માટે પુણા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### આશા ભોંસલેને...

હતી. પીરઝાદા કહે છે કે, આશા ભોંસલે સ્વ. અવિનાશ વ્યાસને શબ્દાંજલિ આપી,એમનું અમર ગીત પાંદડું લીલું ને રંગ રાતો ગાઇ ગાંધી સ્મૃતિથી સર્કિટ હાઉસ જશે.રાતે તેઓને ડિનર માટે સારી હોટલમાં લઇ જવા ઓફર કરવામાં આવી હતી.પણ સર્કિટ હાઉસની ગુજરાતી થાળીની સુવાસ તેમના સુધી પહોંચતાં તેમણે ગુજરાતી થાળી ખાવાનું નક્કી કર્યું હતું.આશા એ ત્યારે કહ્યું હતું કે, અહીં જેવા અથાણા મે ક્યારેય ખાધા નથી.અથાણા કેવી રીતે બનાવ્યા એ વિશે તેમણે સર્કિટ હાઉસના રસોઇયા પાસે વિગત પણ મેળવી હતી. પીરઝાદા સર્કિટ હાઉસથી આશા ભોંસલેને સુરત રેલવે સ્ટેશને મૂકવા ગયા હતા.

### આશા ભોંસલેના...

(૩) ત્રીજી મુલાકાતઃ વર્ષ ૨૦૧૭-૧૮ની આસપાસ આશા ભોંસલે નાઇટ સુરત મેગા ઇવેન્ટ (જાવેદ અલી સાથે).

### વરાછાની આશા...

ભારતભરમાં 'લાઇવ ઇન કોન્સર્ટ' સીરીઝ કરી હતી, જેમાં જાવેદ અલી તેમની સાથે મુખ્ય સહ-ગાયક તરીકે હતા. સુરતમાં પણ આ જોડીએ હજારોની મેદનીને ડોલાવી હતી.

### વર્ષ 2021માં...

8માં ખૂબ જ રસપ્રદ અને ટક્કરભર્યો મુકાબલો જોવા મળ્યો હતો. અહીં ભાજપને 84,256 મતો મળ્યા હતા જ્યારે આપને 80,747 મતો મળતા ભાજપને માત્ર 3511 મતોની લીડ મળી હતી. આ વોર્ડમાં ભાજપને ત્રણ બેઠકો મળી હતી જ્યારે એક બેઠક આમ આદમી પાર્ટીની મહિલા ઉમેદવાર જીતવામાં સફળ રહી હતી. ખાસ કરીને ભાજપના જીતુભાઈ સોલંકી માત્ર 396 મતોથી જીત્યા હતા, જ્યારે અન્ય બે ઉમેદવારો 2500થી 3000 મતોની નાની લીડથી વિજયી બન્યા હતા. આ રીતે 2021ની ચૂંટણીમાં ભાજપે શહેરમાં કુલ પ્રભુત્વ જમાવ્યું હોવા છતાં કેટલાક વોર્ડમાં મળેલી કઠિન ટક્કર અને ડિપોઝિટ જપ્ત જેવી ઘટનાઓ આગામી ચૂંટણી માટે રાજકીય પક્ષો માટે મહત્વપૂર્ણ સંકેત તરીકે જોવામાં આવી રહી છે.

### સુરત રનવે...

પર ગ્રાઉન્ડેડ કરી એના એન્જિનની તથા અન્ય પાર્ટસની તપાસ કરવામાં આવી હતી. પૂરેપૂરી તપાસ કર્યા પછી વિમાનને બુધવારે રાતે 08.30 કલાકે સુરત થી હૈદરાબાદ જવા ટેકઓફ કરવાની છૂટ આપવામાં આવી હતી. આ મામલે એરપોર્ટ ઓથોરિટી સુરતનો સંપર્ક કરતા તેમણે કોઇ પણ પ્રકારની પ્રતિક્રિયા આપવા ઈન્કાર કર્યો હતો.

### SMC માટે...

છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ઉમેદવારી ફોર્મ ભરવાના આંકડામાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. કેટલાક વોર્ડમાં ભારે રસ જોવા મળ્યો છે, જ્યારે કેટલાકમાં ઉમેદવારી સંખ્યા ઓછી રહી છે. આથી સ્પષ્ટ થાય છે કે કેટલાક વિસ્તારોમાં રાજકીય સ્પર્ધા વધુ તીવ્ર છે. ગયા વખતે મનપાની ચુંટણીમાં 1117 ફોર્મ ભરાયા હતા. જેની સામે આ વખતે ઉમેદવારોનો ફોર્મ ભરવામાં ઉત્સાહ ઓછો રહ્યો.

સુરત જિલ્લા પંચાયતની 36 બેઠકો માટે પણ ઉમેદવારી નોંધાઇ છે. અહીં કુલ 138 ફોર્મ ભરાયા છે. જેમાં ભાજપએ 61, કોંગ્રેસએ 48, આમ આદમી પાર્ટીએ 24 અને અન્ય 05 ઉમેદવારોએ દાવેદારી કરી છે. જિલ્લા પંચાયત ચૂંટણીમાં પણ ભાજપ આગળ છે, પરંતુ કોંગ્રેસ અને અન્ય પક્ષો પણ પડકાર આપી રહ્યા છે.

### વેદાંત સ્કૂલની...

ત્રણેય મિત્રો રસ્તા પર પટકાયા હતા. જેમાં અનેરીને ગંભીર ઈજાઓ થઈ હતી. જ્યારે અન્ય બે મિત્રોને સામાન્ય ઈજા થઈ હતી. જેથી ત્રણેયને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે અનેરીને મૃત જાહેર કરી હતી. જ્યારે નીલ અને જય નામના મિત્રોને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે હોસ્પિટમાંથી દાખલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત અંગે વધુ તપાસ અલથાણ પોલીસના એએસઆઈ સહદેવદાન કરી રહ્યા છે.મૃતક અનેરીના પિતાએ જણાવ્યું હતું કે, અમે પહેલા ડિંડોલી શિવશક્તિ સોસાયટીમાં ભાડેના ઘરમાં રહેતા હતા. આ 20 તારીખે સાન્વી બંગ્લોઝમાં પોતાનું ઘર લીધું હતું અને વાસ્તુ પણ હતું. અનેરીના બને મિત્રો જૂની સોસાયટીના મિત્રો હતા. અનેરીને ઓનલાઈન બિઝનેઝ કરવો હતો. જેથી હું તેને ટેલી પણ શીખવતો હતો. આજે સવારે વોકિંગ કરવા જાઉં છું તેમ કહીને ઘરેથી નીકળી હતી. ત્યારબાદ મિત્રો સાથે ડુમસ ચાલી ગઈ હતી.

### સુરતમાં મીશો...

બાબતે બેંગલુરુ સ્થિત એસ.એન. મૂર્થી દ્વારા સુરત સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. સુરત સાયબર ક્રાઇમ પોલીસે સ્પીડી લોજીક્સ (A1) (સરનામુંઃ નંબર-૫૯, મૌર્યા નગર, નવાગામ-ડિંડોલી રોડ, ઉધના) અને AIM લોજીસ્ટિક્સ સર્વિસીસ (A2)((સરનામુંઃ નં.૩૪, ગ્રાઉન્ડ ફ્લોર, ટ્રેડ કોન્ટ્રા સ્ટેડિયમ, લાઇવ નજીક, નવરંગપુરા, અમદાવાદ) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કૌભાંડમાં હજુ પણ કેટલાક મોટા માથાઓ અને વધુ ડિલિવરી એક્ઝિક્યુટિવ્સની સંડોવણી હોવાની આશંકા સેવાઈ રહી છે.

### પાંચ જ...

કે અંદાજે 15.20 લાખનું સોનું છે, જ્યારે તેમની પત્ની પાસે 400 ગ્રામ એટલે કે આશરે 60.80 લાખનું સોનું દર્શાવવામાં આવ્યું છે. અગાઉ માત્ર એક ફ્લેટ ધરાવતા કોર્પોરેટરે હવે સેફ્રોન બંગ્લોઝમાં 50 ટકા ભાગીદારી બતાવી છે, જ્યારે બાકીની 50 ટકા ભાગીદારી તેમની પત્નીના નામે છે. સાથે જ તેમની પત્નીના નામે શુભ વાટીકામાં એક ફ્લેટ અને ઋષિ નગરમાં ત્રણ દુકાનો મળીને અંદાજે 36 લાખની મિલકત દર્શાવવામાં આવી છે. આ રીતે પાંચ વર્ષમાં સંપત્તિમાં થયેલો આ મોટો વધારો ચર્ચાનો વિષય બન્યો છે અને સ્થાનિક રાજકીય વર્તુળોમાં અનેક પ્રશ્નો ઊભા કરી રહ્યો છે.

### ક્યા વોર્ડમાં કેટલા ફોર્મ ભરાયા તેની વિગત

| વોર્ડનું નામ | કુલ ભરાયેલા ફોર્મ |
|---|---|
| વોર્ડ-1 (જંહાગીરપુરા-વરીયાવ-છાપરાભાઠા-કોસાડ) | 32 |
| વોર્ડ-2 (અમરોલી-મોટા વરાછા-કઠોર) | 27 |
| વોર્ડ-3 (વરાછા-સરથાણા-સીમાડા-લસકાણા) | 35 |
| વોર્ડ-4 (કાપોદ્રા) | 30 |
| વોર્ડ-5 (ફૂલપાડા-અશ્વિનીકુમાર) | 42 |
| વોર્ડ-6 (કતારગામ) | 38 |
| વોર્ડ-7 (કતારગામ-વેડ) | 35 |
| વોર્ડ-8 (ડભોલી-સિંગણપોર) | 41 |
| વોર્ડ-9 (રાંદેર-જહાંગીરબાદ-પાલનપુર) | 26 |
| વોર્ડ-10 (અડાજણ-પાલ-ઇચ્છાપોર) | 22 |
| વોર્ડ-11 (અડાજણ-ગોરાટ) | 37 |
| વોર્ડ-12 (નાણાવટ-સૈયદપુરા-કુબેરનગર-મહિધરપુરા) | 54 |
| વોર્ડ-13 (વાડીફળિયા-નવાપુરા-બેગમપુરા-સલાબતપુરા) | 46 |
| વોર્ડ-14 (ઉમરવાડા-માતાવાડી) | 39 |
| વોર્ડ-15 (કરંજ-મગોબ) | 34 |
| વોર્ડ-16 (પુણા પશ્ચિમ) | 26 |
| વોર્ડ-17 (પુણા પૂર્વ) | 25 |
| વોર્ડ-18 (લિંબાયત-પરવટ-કુંભારિયા) | 52 |
| વોર્ડ-19 (આંજણા-ડુંભાલ) | 42 |
| વોર્ડ-20 (ખટોદરા-મજુરા-સગરામપુરા) | 41 |
| વોર્ડ-21 (સોનીફળિયા-નાનપુરા-અઠવા-પીપલોદ) | 28 |
| વોર્ડ-22 (ભટાર-વેસુ-ડુમસ) | 26 |
| વોર્ડ-23 (બમરોલી-ઉધના ઉત્તર) | 31 |
| વોર્ડ-24 (ઉધના દક્ષિણ) | 28 |
| વોર્ડ-25 (લિંબાયત-ઉધના યાર્ડ) | 39 |
| વોર્ડ-26 (ગોડાદરા-ડિંડોલી ઉત્તર) | 35 |
| વોર્ડ-27 (ડિંડોલી દક્ષિણ) | 40 |
| વોર્ડ-28 (પાંડેસરા-ભેસ્તાન) | 34 |
| વોર્ડ-29 (અલથાણ-બમરોલી-વડોદ) | 31 |
| વોર્ડ-30 (કનસાડ-સચિન-ઉન-આભવા) | 44 |
| **કુલ ઉમેદવારી ફોર્મ** | **1060** |

# 1,550 કરોડની ફેક ITC કૌભાંડમાં જમીન દલાલ પ્રિયંકાની ધરપકડ

**કોર્ટે** આરોપી પ્રિયંકાને ૧૨ દિવસ જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપી

**૨૪ ફર્મ** દ્વારા નકલી ITC રેકેટ ચલાવવામાં પ્રિયંકાની ચાવીરૂપ ભૂમિકા

### આ ફર્મમાં આઈટીસી પાસઓન કરાયું

નિતેશ પ્રકાશ પાઠક-પાઠક એન્ટરપ્રાઇઝ, જાવેદ ઇકબાલ-અબ્દુલ ટ્રેડર્સ- જયપુર, શુભમ ભાર્ગવ-શ્રી રાધે એન્ટરપ્રાઇઝ- ઈન્દોર, નીકમ દીલીપ રામદાસ- સ્કાય ટ્રેડિંગ- પુણે, રાજેશ ચિરંજી શર્મા-એએલપીએમ એન્ટરપ્રાઇઝ- ભિવંડી, યોગેશ કુમાર- યોગેશ ટ્રેડર્સ- થાણે, વિજય ઘેલાભાઈ પરમાર-સન એન્ટરપ્રાઇઝ- જામનગર, સંદીપ કુમાર શર્મા-અલ્ટ્રા-પેકર્સ એન્ડ મૂવર્સ- થાણે, સૂપર કોન્સ ટ્રેડ પ્રા. લિ.- અમદાવાદ, એજન્ડા એન્ટરપ્રાઇઝિસ પ્રા. લિ.- કલ્યાણ, ગેલેક્સી એન્ટરપ્રાઇઝ- જામનગર, એનએમપી કોન્ટ્રાક્ટર્સ પ્રા. લિ.- પાલઘર, ડેમેટર પ્રોડક્ટ્સ- થાણે.

### પ્રિયંકાના નિવાસસ્થાનેથી ગુનાહિત દસ્તાવેજો મળી આવ્યા

ડીજીજીઆઇ દ્વારા રાજકોટ ખાતે પ્રિયંકાનાં નિવાસસ્થાને દરોડા પાડ્યાં હતા. તપાસ દરમ્યાન વિવિધ ગુનાહિત દસ્તાવેજો મળી આવ્યા હતા. જ્યાં પ્રિયંકાનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. આ ફર્મ્સ સંબંધિત ડેટા હાર્દિક પંચાલ, હિસાબનીશ દ્વારા આપવામાં આવ્યો હતો. GST રિટર્ન ભરવા ડેટા અને OTP બિપિન ભંડેરીને આપવા બદલ તેઓ કમિશન મેળવતા હતા.

સુરતઃ ડિરેક્ટોરેટ જનરલ ઓફ GST ઇન્ટેલિજન્સ (DGGI) સુરત ઝોનલ યુનિટે દેશવ્યાપી 1,550 કરોડ રૂપિયાના ફેક ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) કૌભાંડમાં ગુજરાતની માસ્ટર માઈન્ડ જમીન દલાલ પ્રિયંકા લલિતભાઈ સદરિયા( ઉં.વ.36) A-103, અક્ષર હાઇટ, રિંગ રોડ, રાજકોટની ધરપકડ કરી ચીફ કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. ડીજીજીઆઇના સરકારી વકીલ ઈમરાન મલેક કોર્ટમાં હાજર રહ્યા હતા. આરોપી પ્રિયંકા લલિતભાઈ સદરિયાને ૧૨ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી અપાઈ હતી.

આ કેસની વિગત મુજબ DGGI, સુરત ઝોનલ યુનિટ દ્વારા પાઠક એન્ટરપ્રાઇઝ, અબ્દુલ ટ્રેડર્સ, શ્રી રાધે એન્ટરપ્રાઇઝમાં તપાસ દરમિયાન ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC)ના ગેરરીતે લાભ લેવો અને અન્યને પાસઓન કરવાનું કૌભાંડ ઝડપાયું હતું. તપાસ દરમિયાન ત્રણેય ફર્મનું GST રિટર્ન જામનગરથી ફાઈલ થતું હતું. જેમાં જામનગરનાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બિપિન રમેશભાઈ ભંડારીની ધરપકડ કરી હતી. આ સીએએ GSTR-1 અને GSTR-3B રિટર્ન ફાઈલ કર્યા હતા. જે તે વખતે ડીજીજીઆઈની પૂછપરછમાં બિપિન ભંડેરીએ કબુલ્યું હતું કે તમામ ફર્મના GST રિટર્ન પ્રિયંકા સદરિયા દ્વારા સૂચનો, ડેટા, લોગિન ક્રેડેન્શિયલ્સ અને OTPના આધારે ફાઈલ કરવામાં આવતા હતા. પ્રિયંકા સાદરિયાના નિર્દેશ પર પુરાવા નષ્ટ કરવા અને વિભાગીય તપાસ ટાળવાના ઈરાદે, તેમના કોમ્પ્યૂટર સિસ્ટમ અને ઈ-મેઈલ રેકોર્ડમાંથી ઇરાદાપૂર્વક ડીલીટ કરવામાં આવ્યા હતા.

તપાસ બાદ પ્રિયંકા નકલી ITC રેકેટમાં આશરે ૧૨૬.૩૪ કરોડ ખોટી ITC પસાર કરવામાં સક્રિય સામેલ હોવાથી ડીજીજીઆઈએ રાજકોટથી આરોપી પ્રિયંકાની ધરપકડ કરી હતી.

પ્રિયંકા સાદરિયાએ ૨૪ ફર્મ દ્વારા મોટા પ્રમાણ પર નકલી ITC રેકેટ ચલાવવામાં મધ્યવર્તી અને ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. ૧૨૬ કરોડની ITC ૩થી ૪ સ્તરોમાં ફેરવી પસાર કરી કરચોરી કરાતી હતી. DGGIના સૂત્રો દ્વારા આવનારા દિવસોમાં વધુ ધરપકડોની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

### નકલી ITC ચેઈનમાં આંગડિયા મારફતે રોકડા કરાતાં હતા

આ નકલી ITC ચેઈનમાં બોગસ સપ્લાય સામે બેંક એકાઉન્ટ્સમાં નાણાં મેળવી રહ્યા હતા, એટલે કે એજન્ડા એન્ટરપ્રાઈઝ પ્રા. લિ., કલ્યાણ; એનએમપી કોન્ટ્રાક્ટર્સ પ્રા. લિ., પાલઘર, ડિમીટર પ્રોડક્ટ્સ થાણે; અને પાર્કસોલ ફેસિલિટીઝ પ્રા. લિ. ફર્મોનો ઉપયોગ Suo-Motu ઊભો કરવામાં આવેલી નકલી ITC, વાસ્તવિક ફર્મ્સને પસાર કરવા કરાતો હતો. આ ફર્મ્સ દ્વારા મળેલી રકમ ત્યારબાદ અન્ય બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી, આંગડિયા ચેનલ્સ મારફતે રોકડ કરવામાં આવ્યા હતા.

# બેભાન થઈ જતાં મહિલા સહિત બેના મોત

**સીમાડામાં** મોબાઈલ જોતા યુવકનું અને ડિંડોલીમાં ન્હાવા ગયેલી મહિલાનું બેભાન થતા મોત નિપજ્યું

સુરત : શહેરમાં અચાનક બેભાન થયા બાદ મહિલા સહિત બેના મોત થયા હતા. જેમાં સીમાડામાં મોબાઈલ ફોન જોઈ રહેલા યુવકનું અને ડિંડોલીમાં ન્હાવા ગયેલી મહિલાનું અચાનક બેભાન થયા બાદ મોત થયું હતું. બંનેના હાર્ટ એટેકથી મોત થયા હોવાની શક્યતા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ સીમાડા ગામમાં આવેલા દિવાળીબા નગરમાં ૩૫ વર્ષીય મિતેશ ગોરધનભાઈ ચારપોત ભાણેજ સાથે રહેતો હતો અને કડિયા કામ કરી વતનમાં રહેતા પરિવારનું ભરણપોષણ કરતો હતો. આજે બપોરે મિતેશ રૂમમાં મોબાઈલ ફોન જોઈ રહ્યો હતો. તે સમયે એકાએક બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવાર માટે ૧૦૮માં સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તબીબે જોઈ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો.બીજા બનાવમાં, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ડિંડોલી મીરા નગરમાં ૩૮ વર્ષીય રાજકુમારી રાજુ રાવ ભત્રીજા સાથે રહેતી હતી.

કાલે રાત્રે રાજકુમારી ચોકડીમાં ન્હાવા માટે ગઈ હતી. ત્યારે એકાએક બેભાન થઈ ઢળી પડી હતી. જેથી તેને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરાઈ હતી. જ્યાં ફરજ પરના ઈએમટીએ જોઈ તપાસી તેને મૃત જાહેર કરી હતી. મૃતક રાજકુમારીના પતિ વતનમાં રહે છે. તેઓને ત્રણ સંતાન છે.